સંત વાણી.

બનાવી રચી પ્રસિદ્ધ કરનાર.

સૈયદ બાવાસાહેબ અહેમદઅલી.

ઈ. સ. ૧૯૦૯. સંવત ૧૯૬૫

અમદાવાદ.

“ વિજય પ્રકાશ ” પ્રિન્ટિંગ પ્રેસ.

કીંમત રૂ. ૦-૪-૦

[illegible]

સંત વાણી.

મેળવી રચી પ્રસિદ્ધ કરનાર,

સૈયદ બાવાસાહેબ અહેમદઅલી.

કોઈએ સને ૧૮૬૭ના ૨૫ મા આ[illegible]
રજીસ્ટર કરાવી તેને ફરી છપાવવા વિગેરેના સર્વ [illegible]
પોતાને આધીન રાખ્યા છે. તેથી કોઈ [illegible]
કોઈએ આખું છપાવવું [illegible]

ઈ. સ. ૧૯૦૯. સંવત ૧૯૬૫

અમદાવાદ.

“વિજય [illegible]” પ્રિન્ટિંગ પ્રેસ.

કીંમત રૂ. ૦-૪-૦

યાઅલી મદદ.

સંત વાણી.

મેળવી રચી પ્રસિદ્ધ કરનાર.

સૈયદ બાવાસાહેબ અહેમદઅલી.

ઇ૦ સ૦ ૧૯૦૯. સવત ૧૯૬૫

અમદાવાદ.

"વિજય પ્રવર્તક" પ્રિન્ટિંગ પ્રેસ.

કીંમત રૂ. ૦-૪-૦

ફક્ત પીરાણાના અનુયાયીયો માટેછે.

બીજાઓને માટે નથી.

તેથી મેહેરબાની કરી બીજાઓએ ન વાંચવા કૃપા કરવી.

પ્રસ્તાવના.

આ પુસ્તક સંતજનોનાં કથેલાં વચનોનું સંગ્રહ કરીને તૈયાર કરેલો છે, તેથી તેનું નામ "સંત વાણી" રાખવામાં આવ્યું છે; ને તે માંહે જરૂર ધર્મિઓને યાદ રાખવા જોગ, કેટલીક બિનાઓ આપવામાં આવેલ છે, જેથી સર્વ મુમુક્ષુને ઉપયોગી થઇ પડે. વળી આ પુસ્તક મારી અજાણ્યુ કલમથી. લખાએલો છે, તેથી માહીં ભુલો રહી ગઇયો હશે ? તે સુધારી વાંચવા કૃપાર્વત્ત થશો.

વળી ધર્મને ઉત્તેજન આપવા ઇચ્છનારાઓને જરૂર લક્ષમાં રાખવાનૂં છે કે, આવા પુસ્તકો વાંચી ખરીદી ખરીદાવવું તે ધર્મનાં કામમા મદદ કરવા રૂપ છે, તેથી સર્વ સદ્ગ્રહસ્થો આપણા ધર્મનાં પુસ્તકો ખરીદો, અગર ખરીદાવો, જેથી આ લોક ને પરલોકમાં નામના મળે, ને તેથી શુભકિર્તી જગતમાં ગાજે.

હમારા પુસ્તકો જેમ જેમ ખપતા જશે, તેમ તેમ બીજા નવા પુસ્તકો હમોને છપાવવાની હોંસ થતી જશે, તોજ જે બિના જાણવામાં નથી, ને અંધારામાં છે તે બાહેર આવતી જશે. અજાણ્યાઓને જાણીતા કરી શુભ માર્ગે દોરે, એ શું ઓછો લાભ છે ? ને તેથીજ ધર્મની વ્રધી થાય. ગુણી જનોને ઝાઝુ કેહેવુ યોગ્ય ન ધારી, આટલુંજ બોલી બંધ કરૂંછું.

લી०

મું. પીરાણા.	હજરત પીર ઇમામશાહની ઓલાદના
ઇમામપુરી.	સૈયદ બાવાસાહેબ અહેમદઅલી.

જરૂર વાંચો.

આ પુસ્તક અગર બીજા પુસ્તકો નીચે લખ્યા મુજબનાં નીચેને ઠેકાણેથી રોકડી કિંમતે, અગર વિ. પી. થી, છુટક તથા સામટા મળશે.

'બાબારામ સુબોધ,	કીમત.	૧।	પોસ્ટ	૦)▬
'શ્રી ઇમામશાહ તથા નાયાકાકાનો સ્વંવાદ,	,,	૦।–	,,	૦)૦॥
'શ્રી ઇમામશાહ બાવાના પરચા,	,,	૦)=	,,	૦)૦॥
'સત વાણી,	,,	૦।	,,	૦)૦॥

વી પી. મંગાવનારે ખ્યાસ ધ્યાનમા રાખવું. ટપાલ ખરચ વગર આ વી. પી. ખરચ. રૂ. ૧ થી ૫) સુધીનો ૦)– તેથી વધારે તે. પૈસા પણ વધારે જાણવા.

પણ દરિયા પારવાલાને પોસ્ટ બમણું જાણવું, ને વી પી. થી મોકલવામા આવશે નહિ. તેથી તેમણે પોસ્ટની ટીકીટો બીડી યા મનીયાડર કરી પુસ્તક મગાવવા તસ્દી લેવી

સૈયદ બાવાસાહેબ અહેમદઅલી.

મુ. પીરાણા.
પો. ગીરમથા.
જી. અમદાવાદ.
દેશ ગુજરાત.

સંત વાણી.

માનકુવા નિવાસી. પા. જીવરાજભાઇ વસતાભાઇ
કૃત.

પદ ૧ લો.

રાગ આતમસઈનાં પદો.

હરિ હું તો થયો નિસ્વાદ, નાથ તમવિણારે;
તમે દુઃખડાં હરો મહારાજ, અમ તણારે. ૧
હરિ તમે હાથે ધરો મહારાજ, શેવક તમતણારે;
હરિ તમે અનાથના નાથ, તમ શ્રણ ઘણારે. ૨
તમે આદ અંતનાં મહારાજ, દયા કરજોરે,
હરિ હમે ગરીબ શેવક, દલમાં ધરજોરે. ૩
છો આદે અંતનાં દયાળ, દુઃખડા હરજોરે,
મારા પૂર્વે જન્મનાં પાપ, પરલે કરજોરે. ૪
આરે વેળામાં નાથ, તમારો મને કરજોરે,
બુડું છું ભવસિંધુમાંએ, બાંહ ધરજોરે, ૫
હરિ તમે થયા છો અંતર ધ્યાન, મારગ ઝાલીરે,
રહ્યા છો મમ દલમાં, હરિ તમે માલીરે. ૬

(૬)

હરિ ગુરૂ મીયાં સાહેબ, જાફરઅલી કાવેરે,
જીવો શેવક ગાએ, તમ સરણે આવેરે. ૨૭

પદ ૨ જો.

(રાગ. રઘુપતી રામ, રૂદામાં રહેજોરે.)

પશ્ચિમ દેશથી નકળંકી ચડશેરે,
સારા સંતોને સીરપાવ જડશેરે,
ચારે દેશોના ભકતો મળશે.
મહમદ નામ મનમાં ધરજોરે૦ ૧
સેન સઘલું એકાંતે મળશેરે,
નકળંક રૂપમાં ભક્ત ભળશેરે,
ત્યારે ભકતું ભેળા બ્રહ્મા ભળશે.
મહમદ નામ મનમાં ધરજોરે૦ ૨
વિશ્નુ માહેશ એકાંતે મળશેરે,
ત્યારે રળાયાતે તાળી પડશેરે,
જ્યારે જંબુદ્વિપે મેગો મળશે,
મહમદ નામ મનમાં ધરજોરે૦ ૩
ભૂપ ભક્ત મન હરખાશેરે,
જ્યારે દહિતુંને ઘા પડશેરે,

ત્યારે દાણુવ દળ ટળવળશે.
મહમદ નામ મનમાં ધરજોરે૦ ૪

જ્યારે દેવ રાક્ષસ સરવે લડશેરે,
ત્યારે દાણુવસર હેટે ટળશેરે,
જ્યારે દહિતુંના સીર માર પડશે
મહમદ નામ મનમાં ધરજોરે. ૫

જેવા દહિતુંનાં જોદ્ધા મરશેરે,
તેવા જીવ તે નરકે પડશેરે,
જ્યારે જોદ્ધા તે ભોંયે રડવડશે.
મહમદ નામ મનમાં ધરજોરે૦ ૬

લાખ સવાનો જુગ એક કરશેરે,
ત્યારે ભક્તુંને બક્ષિસ મળશેરે,
સરવે સતનો જુગ વરતાશે.
મહમદ નામ મનમાં ધરજોરે૦ ૭

પચાસ સેહેઅનો દન એક કરશેરે,
એવા દી સાડાત્રણ માદન ધરશેરે
ત્યારે નકળંકી રૂપ અરબી ધરશે.
મહમદ નામ મનમાં ધરજોરે૦ ૮

સદભક્તને વૈકુંઠ જાડશેરે,
ભોગ ઉત્તમ તે ભોગવશેરે,
મારે આનંદનો મેહ વરશે.
મહમદ નામ મનમાં ધરજોરે૦ ૯

ત્યારે પુત્ર જાફરસાહના મળશેરે,
ગુરૂ મીયાસાહેબ સાહે કરશેરે,
ત્યારે જીવો ગુરૂ ચરણે પડશે.
મહમદ નામ મનમાં ધરજોરે ૧૦

પદ ૩ જું.

(રાગ રાસનો.)

હરિ પશ્ચિમ દેશથી વેલા આવજોરે,
પ્રથમ પેલા સંદેશો કાવજોરે. (ટેક)
ઇસમાંઇલને પેહેલાં પઠાવજોરે,
સાથે ભાષા તે અરબી લાવજોરે. ૧
જુગ ચ્યારેનાં જીવ બોલાવજોરે,
તેમાં ક્રોડી અનંત મેલાવજોરે. ૨
તેમાં કરોડી નવ્વાણું ઝાંખા લાવજોરે,
તેના દરશન અમુને દેવરાવજોરે. ૩

કરોડી છપ્પન મેવાની સાથે આવજોરે,
તેને પાએ અમુને પડાવજોરે. ૪
કરોડી બત્રીસ કિન્નર તમો લાવજોરે,
તેના સેન અમોને દેખડાવજોરે. ૫
ગુજરાત રળિયામણું જાણજોરે,
ત્યાં ધામ ઇમામનું વખાણજોરે. ૬
ત્યાં ચારેના દેવતા લાવશોરે,
દેશ ગુજર રૂડો દીપાવશોરે ૭
દેશ રૂડો ગુજર પરમાણજોરે,
હરિ ભક્ત સાથે બિરાજજોરે, ૮
દહિત સરવેને તમે સંધારજોરે,
તમારા ભક્તુંને વૈકુંઠ આપજોરે ૯
આ શેવકનો ફેરો ટાળજોરે,
હરિદરશન તમારા આલજોરે. ૧૦
એક કાનમ મુલક વખાણજોરે,
ગામ અવાખલ ત્યાં પરમાણજોરે. ૧૧
ગુરૂ મીયાં સાહેબ બિરાજજોરે,
ત્યારે જીવાની વારે આવજોરે. ૧૨

પદ ૪ થું.

(રાગ ભરથરીનો.)

ગુરૂરે મારા મુને તારજો,
હું તો ડુબ્યો ભવ માહેજી;
ઓછીરે બુદ્ધીએથી અવતર્યો,
જાણ્યા નહિ જુગ રાએજી.
ગુરૂરે મારા મુને તારજો ૧

અજાણુ થઇને હું ફર્યો,
ખાધું જંગલનું ઘાસજી;
હુંરે અપરાધીશું પ્રાણીઓ,
ખાધી ચોરાસીની ઢાંસજી.
ગુરૂરે મારા મુને તારજો. ૨

આવારે ગવનમાં આવી પડયો,
હું તો ભૂલ્યો છું ભાનજી;
નકળકી નાથને પેખતાં,
ટળશે ચોરાસીનાં તાનજી.
ગુરૂરે મારા મુને તારજો. ૩

રાત દીવસ કરૂં બંદગી,

મળશે વૈકુંઠનો નાથજી;
ગુરૂરે મીયા સાહેબ આવજો,
ઝાલો જીવાનો હાથજી.
ગુરૂરે મારા મુને તારજો ૪
ઓછી બુદ્ધિએથી રચ્યું,
સાંચી જોવા સુજાણજી;
નાની વયમાં વિઘન ઘણું,
સાચા જીવન પ્રાણજી.
ગુરૂરે મારા મુને તારજો ૫
સંસાર માંહે રાચી રહયો,
રંગ લાગ્યો ભામની સાથજી;
અવિનાસીને નહિ જાણીયા,
કીધો કુસંગનો સાથજી.
ગુરૂરે મારા મુને તારજો ૬
આસા છેરે સરગ તણી,
જપ્યા નહિ જુગદીસજી;
ઉદાર દિલથી ન ઓળખ્યા,
પડ્યા દિવસને નિસજી
ગુરૂરે મારા મુને તારજો ૭

સેજેરે શાહ પધારશે,
લેશે હરિજન હાથજી.
જાફરસાહ સુત વેલા આવજો,
ગુરૂજી જીવો જોડે હાથજી,
ગુરૂરે મારા મુને તારજો. ૮

પદ ૫ મું.

રાગ ઉપરનો.

ગુરૂ મારેરે મુને મોકલ્યો,
જગત જોવાને કાજજી;
એક અચબોરે દેખીયો,
નાવે કોઈ કોઇને કાજજી.
ગુરૂ મારે મુને મોકલ્યો. ૧
જમડા જીવ ઝાલીને ગયા,
સાથે આવે પુનને પાપજી;
માતાએ મુને પ્રસવ્યો,
જુક્તી કરવાને આપજી.
ગુરૂ મારે મુને મોકલ્યો. ૨
સંસાર માહેરે આવીયા,

લાગ્યો માયાનો સંગજી;
ઓછેરે પુને અવતર્યો,
ફરીયો ચોરાસીને રંગજી
ગુરૂ મારે મુને મોકલ્યો. ૩
ચોરાસી અવતારે ભોગવ્યા,
પામ્યો મનષા દેહ રૂપજી;
તેમાં નુગરો થઇ હર્યો ફર્યો.
પડયો કુંભી નર્ક કુપજી.
ગુરૂ મારે મુને મોકલ્યો. ૪
દન પાછલો ટુંક રહ્યો,
નવ લાગ્યું ગુરૂનું જ્ઞાનજી;
ગુરૂ મારે મારગ દેખાડીયો,
ધર્યું માયાનું ધ્યાનંજી.
ગુરૂરે મારે મુને મોકલ્યો ૫
ઢેડી સંગેરે આથડયો,
પડીયો ચોરાસીની માએજી;
ચોરાશી થકીરે છુટવું,
આવું ગુરૂજી હોય જ્યાંયેજી.
ગુરૂરે મારે મુને મોકલ્યો. ૬

દીલ તપાસીરે ચાલવું,
કરવું નીતિનું કામજી;
ગુરૂરે ગુજરાતી વેલા આવજો,
મીયાં સાહેબ છે નામજી.
ગુરૂરે મારે મુને મોકલ્યો. ૭
શેવકની વારે વેલા આવજો,
ટાળજો જીવાના તાપજી;
દેહીરે સંગે હું આથડયો,
દેખાડયો માર્ગ ગુરૂએ આપજી.
ગુરૂરે મારે મુને મોકલ્યો. ૮

ખાકી કૃત.

ગજલ ૧ લી.

ગિરફતારે બલાહું, યા શાહ બચાના મુજકો;
નુરે જમાલ અપનાં, યા શાહ બતાના મુજકો.
આફતને મુજકો ઘેરા, અજબ તરાહ સે;
લિલ્લાહ શાહ સિતા બી, હરદમ બચાનાં મુજકો.
કહેલાતા હું તુમારા, કિસકા અબ કહેલાઉં;

(૧૫)

તારીકિએ ઝમાંસે, લિલ્લા બચાનાં મુજકો.
હુમેં અજબ તરાહસે, ઝમાનાં અજબ તરાહહે..
તુમકો ભલા લગાહે, ઇતનાં સતાના મુજકો;
કયા યે કબ રવાહે, તડપે ગુલામ હરસુ;
માલિક નાંયું બચાવે, કર દસ્તગીર મુજકો.
કહે આયે કયા ઝમાનાં, માલીક ખફા હુવાહે;
હરસુ સેં તાને જનહે કમ ઝર્ફ લોક મુજકો.
હજરત અલી હે શાહા, માલીક હેલા મકાંકા;
ખાકી ગુલામ કો અબ, કર સાદમામ મુજકો.

ગજલ ૨ જી.

હે દેહરેકી બેવફાઈ ચંદરોજ,
ફીર દીખાવેગી સફાઈ ચંદરોજ.
અયે ગિરફતારે ઝમાં હરગિજ નડર,
હેગા ગિરદસ મેં ઝમાંનાં ચંદરોજ.
હો શહા જીસકા શહેકો નામકાં,
ઉસકો રહેગી કબ અઝીયત ચંદરોજ.
જીસકો હો આસાં બચાનાં સખ્તસેં,

કયું વો દેખાહી કરેગા ચંદરોજ.
અયે દિલે નાંદાન તુંહ રગિજ નડર,
હે અલીને કયું બચાયા ચંદરોજ.
જીસ તરફ કો જાઊં આતી હે સદા,
ગિર દીશે અફલાક રહેગી ચંદરોજ.
યા અલી મુસ્કેલકુશા યે અર્જ હે,
ખાકીયું કહેતા નદારી ચંદરોજ.

દોહરો.

ચેતી શકાયતો ચેતજે, અવસર ખાલી જાયે;
અવસર ભૂલ્યો જીવડો, જુગ જુગ ગોથાં ખાયે.

હાથે હીરો આવિયો, ગાફિલ ગયો મુઝાઇ;
વીમાસણ વળતાં પડી, વસ્તુ જ્યારે ગમાઇ.

માનકુવા નિવાસી. પા. પેથા રામજી.
કૃત.

પદ ૧ લો.

થાળ નિષ્કંળકીનો. રાગ વણઝારાનો.
શીસનામું શ્રી શાહને, ખાસ સ્વામીને;

હું તો કરૂં અલખની શેવ, અંતરજામીરે. ૧
શિવ શકિત બ્રહ્મ વિશ્નવા, મારા સ્વામીરે;
આરાધુ અજ્ઞદેવ, અંતર જામીરે. ૨
પાટ માંડયો પરીબ્રહ્મનો, મારા સ્વામીરે;
ઉપર રેસમીયા ઓછાડ, અંત્તર જામીરે. ૩
કચન દીપક જળહળે, મારા સ્વામીરે;
માંહે ગ્રંથ પૂર્યો જગાધાર, અંત્તર જામીરે. ૪
ફુલ ચંદન અગરબતી, મારા સ્વામીરે;
અરગજા અબીલ મુબકાર. અંત્તર જામીરે ૫
ચુવોચંદન બેકે ઘણા, મારા સ્વામીરે;
કેસર કસ્તુરી સાર, અંત્તર જામીરે. ૬
અંત્તર ગુલાબ મસમસે, મારા સ્વામીરે;
કેવડીયા ફુલ અપાર, અંત્તર જામીરે. ૭
ચંપા ચંબેલી મોગરા, મારા સ્વામીરે;
પરીજાતનાં પુષ્પ સોહાય, અંત્તર જામીરે. ૮
નાના તે વિધનાં ફુલડાં, મારા સ્વામીરે;
તમ કાજે છે તૈયાર, અંત્તર જામીરે. ૯
સોવણ કુંભ જળે ભર્યા, મારા સ્વામીરે;
આવો નાવણ કરવા નાથ, અંતર જામીરે. ૧૦

૨

પ્યારા પધારો પ્રેમથી, મારા સ્વામીરે;
સાથે સોભે તેત્રીસ ક્રોડ, અંતર જામીરે.
અમો રંક ઉપર ક્રિપા કરી, મારા સ્વામીરે;
તમો જમો શ્રી નકળંકી નાથ, અંત્તર જામીરે. ૧૨
તમ કાજે માલપુડલા, મારા સ્વામીરે;
બીજો સાકરીયો કંસાર, અંત્તર જામીરે. ૧૩
સેવો ઓસાવી શોભતી, મારા સ્વામી;
પુરણ પોળીને કંશાર, અંત્તર જામીરે. ૧૪
લાડુ પતાસા લાબસી, મારા સ્વામીરે;
રોટલીઓ પુરીસાર, અંત્તર જામીરે. ૧૫
બુંદી તણા લાડુ કર્યા, મારા સ્વામીરે;
કણસાઇને મોતીચુર, અંત્તર જામીરે. ૧૬
શુંદિર શીરો સ્વાદે ભર્યો, મારા સ્વામીરે;
માંહે વસાણા ભરપુર, અંત્તર જામીરે. ૧૭
ખીર નીપાવી ખાંત્તથી, મારા સ્વામીરે;
વલી ઘેબર ચુરમાં સાર, અંત્તર જામીરે. ૧૮
પુરી જમો દુધ પાકથી, મારા સ્વામીરે;
ઢેબરીયા ગુણ લાલ, અંત્તર જામીરે. ૧૯
પેંડા બરફી બેશ છે, મારા સ્વામીરે;

જલેબી જાત રસાલ, અંત્તર જામીરે. ૨૦
બાસુદી શિખંડ રસબસે, મારા સ્વામીરે;
મગદળ અડદીપુર, અંત્તર જામીરે ૨૧
હલવો બનાવ્યો હેતથી, મારા સ્વામીરે;
ખાજા ને પાક મેહસુર, અંત્તર જામીરે. ૨૨
ગુલાબપાક સાટા ઘણા, મારા સ્વામીરે;
રેવડી ગગનીયા સાર, અંત્તર જામીરે. ૨૩
શુંદિર પેંડા મેં કર્યા, મારા સ્વામીરે;
કાજુને મોહનઠાર, અંત્તર જામીરે. ૨૪
તળ્યા ચણાં સોભે વડાં, મારા સ્વામીરે;
વડાં પાપડ વડીયો સાર, અંત્તર જામીરે. ૨૫
શુંદિર ભજીયાં પુડલા, મારા સ્વામીરે;
દહીંથરીયા રાઇતા સાર, અંત્તર જામીરે. ૨૬
મોળા તે ગાંઠીયા સેવડી, મારા સ્વામી;
કચોળી છે સુખમાલ, અંત્તર જામીરે. ૨૭
ફુલ વડી ચોળા ફલી, મારા સ્વામીરે;
શુંદર તળી ચણાની દાળ, અંત્તર જામીરે. ૨૮
નીપાવ્યા શુંદર સાકને, મારા સ્વામીરે;
જેમાં દીધા મથ વઘાર, અંત્તર જામીરે. ૨૯

ગુવાર ચીલોડાં ચોળા ફળી, મારા સ્વામીરે,
કાળીંગડાં ચીભડા સાર, અંત્તર જામીરે. ૩૦
તાંદળદો ભાજીઅની, મારા સ્વામીરે;
ડોડા દુધી દીલરંજ, અંત્તર જામીરે. ૩૧
ગીસોડી પરવર તુંબડી, મારા સ્વામીરે;
કારેલાંને સુખ કાટંજ, અંતર જામીરે. ૩૨
કાચી ખારેકો કોળા ફલી, મારા સ્વામીરે.
રતાળુ સુરણ જાત, અંત્તર જામીરે. ૩૩
ભાવે તે ભીંડા ભુંજીયા, મારા સ્વામીરે;
રીંગણીઓ રાઇતા ભાત, અંત્તર જામીરે. ૩૪
વાલોળો પાલખ સરગુવા, મારા સ્વામીરે;
બટાટા ને સકરકંદ, અંત્તર જામીરે. ૩૫
કોળા સકરીયા મેં તળ્યા, મારા સ્વામી;
કાંકણી ખીરાસુકમંદ, અંત્તર જામીરે. ૩૬
ચટણી કરી ચતુરાઇથી, મારા સ્વામીરે;
મેથી સુવા ચણાની દાળ, અંત્તર જામીરે. ૩૭
ધાણા મરચાં આંઅલી, મારા સ્વામીરે;
નીમકને પત્ર તમાલ, અંત્તર જામીરે. ૩૮
ચટણી કરી તમ કારણે, મારા સ્વામીરે;

બીજાં આણ્યા મેવાના થાળ, અંત્તર જામીરે. ૩૯
બદામ પિસ્તા ચારોળી, મારા સ્વામીરે;
જરદ આલુ પીસ્તા રસાલ, અંત્તર જામીરે. ૪૦
સેફ નારંગી સેતુરા, મારા સ્વામીરે.
જમરૂખને રે અનાર, અંતર જામીરે. ૪૧
તમ કારણે કેળા કોરીયા, મારા સ્વામીરે;
અમરૂદ ને આબાસાખ, અંતર જામીરે. ૪૨
દરાખ દાડમ શોભતાં, મારા સ્વામીરે;
જુવો સીતાફળ શુક પાંખ, અંતર જામીરે. ૪૩
આલુ ને અંજીર આણીયા, મારા સ્વામીરે;
જામ ગુલાબી વિશાળ, અંતર જામીરે. ૪૪
રાયણ કોકડી રંગેભરી, મારા સ્વામીરે;
જાંબુ જોઇએ રંગીલી જાત, અંતર જામીરે. ૪૫
અનહદ મેવા આગળ ધર્યા, મારા સ્વામીરે;
શાક પાકને પકવાન, અંતર જામીરે, ૪૬
મુખવાસ લેજો એલચી. મારા સ્વામીરે;
લવિંગ ધાણા ગુલતાન, અંતર જામીરે. ૪૭
કાથો ચુનો રંગે ભર્યા, મારા સ્વામીરે;
જે વાળયાં બીડા પાન, અંતર જામીરે. ૪૮

કરજોડી કરૂં વિનતી, મારા સ્વામીરે;
તમો આરોગો ભગવાન, અંતર જામીરે. ૪૯
ભાવેથી ભોગ સ્વીકારજો, મારા સ્વામીરે;
જમો સંગે તેત્રીસ કોટ, અંતર જામીરે. ૫૦
ખારૂં ખોટું ખોળે ધરો, મારા સ્વામીરે;
કહુંછું તમને કરજોડ, અંતર જામીરે. ૫૧
ભાષા તે ભેદ ભણ્યો નહિ, મારા સ્વામીરે;
નવ જાણું પીંગળ પાઠ, અંતર જામીરે ૫૨
વ્યાકરણ મેં સુણ્યો નહિ, મારા સ્વામીરે;
જાણું નહિ કરી હાઠ, અંતર જામીરે ૫૩
કૃિપા કરો હું કરગરૂ, મારા સ્વામીરે;
હું ગરીબ ઘરનો તન, અંતર જામીરે ૫૪
માફી માગું ભુલો તણી, મારા સ્વામીરે;
તમ પાસે શ્રોતાજન, અન્તર જામીરે. ૫૫
વિધીએ ઉતારૂ આરતી, મારા સ્વામીરે;
મારા ભવ તારણ ભગવાન, અંત્તર જામીરે. ૫૬
ગુણ તારા મુજ દિલ વિષે, મારા સ્વામીરે;
ગુના બક્ષો ને ગુણવાન, અંત્તર જામીરે ૫૭
કોટી નમસ્કાર નાથને, મારા સ્વામીરે;

જે નર નકળંકી નામ, અંતર જામીરે. ૫૮
અથ ઇતીમાં એક છો; મારા સ્વામીરે;
શ્રી વિશ્વવ ભગવાન, અંતર જામીરે. ૫૯
તમ ગુણઓશિંગળ કેમ થાએ, મારા સ્વામીરે;
છો દીન દુનીયાના દાતાર, અંતર જામીરે. ૬૦
અલ્પમતથી ઓચરૂ, મારા સ્વામીરે;
મારા ગોર તણો આધાર, અંતર જામીરે ૬૧
કર જોડાને પેથો કહે, મારા સ્વામીરે;
મુજ અલખનો આધાર, અતર જામીરે. ૬૨

પદ ૨ જું

રાગ. રામની પંદર તીથીઓનો.

જગતપતી તાત નકળંકી રાજારે. (ટેક)

પ્રથમ શેવોને સારંગ પ્રાણીરે,
પરીબ્રહ્મ પુરા પરમાણીરે;
મહા ઇશ્વર પ્રેમ પીછાંણી.
જગતપતો તાત નકળંકી રાજારે. ૧

(૨૪)

મહા મંડળ મુક્ષજે માયારે,
રાય ચક્રવૃતી સુખ દાયારે;
સકળ શેષ્ટમાં તારી છે છાયા.
જગતપતી તાત નકળંકી રાજારે ૨

તુજ પ્રતાપે મહાસુખ લઇએરે,
કૃપા પાત્ર તમારા છૈયેરે;
અહો નિસ આનંદી રહીયે.
જગતપતી તાત નકળંકી રાજારે ૩

પ્રેમ તત્વને પુરો પ્રકાશીરે,
વારે ધાયા વૈકુઠ વાશીરે;
ટાળી સંત જનોની ઉદાશી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૪

કોઇ પુજે બનારસ કાશીરે,
કોઇ ભુખે મરે અપવાશીરે;
તુજ વિના તે ફોગટ ફાંસી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૫

કર્મ ધર્મ છે પ્રભુ તમારૂંરે,
કરો નિર્મળ મન હમારૂંરે;

તમ પ્રતાપે પાપ નીવારૂં.
જગતપતી તાત નકળંકી રાજારે. ૬

નરેંદ્ર તુ પુર પરતાપીરે,
તુજ કીરતી ચોદીસ વ્યાપીરે;
તેં મનોહર માયા સ્થાપી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૭

તમે પ્રથમ વિશ્વ રાજારે,
ભુ મરત્યુ બ્રમંડે બિરાજ્યારે;
સીર છત્ર નારાયણ છાજ્યા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૮

પરથમ વેદ શંખા શુરે હરીયારે,
સ્વામી રૂપ મચ્છા ત્યાં ધરીયારે;
લેવા વેદ સમુદ્રે ઉતરીયા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૯

દાણવ નાશી અવનીમાં આવ્યોરે,
ધરતી માતાએ ધરમાં છુપાવ્યોરે;
આવી હરિયે ત્રાશ બતાવ્યો.
જગતપતી તાત નકળંકી રાજારે ૧૦

ત્યંથી ભાગ્યો દાણુવ જીવ લઇનેરે,
પુંઠે ધાયા નર ક્રોધી થઇનેરે;
પૃથ્વીમાં ને અભેવર દઇને
જગતપતી તાત નકળંકી રાજારે. ૧૧

નાથ ત્યાંથી પાતાળમાં આવ્યારે,
સંતો નયણે નુર વરસાવ્યારે;
કોટી ભક્ત અનંત વરપાવ્યા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૧૨

નરહર દરશનથી દુઃખ વામ્યારે,
અંગે ઉદય થઆ વીસામારે;
હરિ દેખી સંતો સુખ પામ્યા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૧૩

હરિ ત્યાંથી તે આગળ ચાલ્યારે,
જઇ દાણુવ કેશેથી ઝાલ્યારે;
મારી દહિત નરેવેદ વાળ્યા
જગતપતી તાત નકળંકી રાજારે. ૧૪

વેદ વાળી વિસમ્ભર આવ્યારે,
સમાચાર દેવોમાં કાવ્યારે;

મહા શક્તિ ઉમંગે વધાવ્યા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૧૫

શ્રી શક્તિનાં સણગાર કાજેરે,
વળી ચૌદ રત્ન લેવા કાજેરે;
સાહેર મથ્યો શ્રી કચ્છ મહારાજે,
જગતપતી તાત નકળંકી રાજારે ૧૬

મથ્યો સાહેર રત્ન લીધારે,
કામ દાશ તણા તે કીધારે;
મારી દાણવ મહા ડંડ દીધા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૧૭

ત્યારા રૂપે થયા અભીલાષીરે,
પૃથ્વી ગ્રહી દાઢુંમાં રાખીરે;
કરી ચિંતા દાણવ શોધ રાખી
જગતપતી તાત નકળંકી રાજારે. ૧૮

ચોથે નરસંગ રૂપે સ્વામીરે,
થંભે પ્રગટયા સુખ ધામીરે;
માર્યો હિરણાક્ષ હરામી.
જગતપતી તાત નકળંકી રાજારે ૧૯

મહાપદ પ્રેહલાદને દીધીરે,
મુક્તિ કોટ તે પાંચનો કીધીરે;
છાંયો સાચા સંતોને કીધો.
જગતપતી તાત નકળંકી રાજારે, ૨૦

તમો ત્યાંથી ત્રીભોવનમાં આવ્યારે,
વેદ વાયક પોથી લાવ્યારે;
વેદ બળી દુવારે ભણાવ્યા.
જગતપતી તાત નકળંકી રાજારે ૨૧

બળી જાચ્યો યગનમાં જઇનેરે,
બોલ અઉઠ ડગલાનો લઇનેરે;
ચાંપ્યો રાય પીયાળે પગ દઇને.
જગતપતી તાત નકળંકી રાજારે. ૨૨

ખટ રૂપે ફરસી કર લીધીરે,
જઇ ધરણી નક્ષત્રી કીધીરે;
વિપત લેઇ દાણવ સર દીધી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૨૩

સુભટ સેહસ્રાઅર્જુન માર્યોરે,
જમદગ્ની રૂષિને ઉગાર્યોરે;

ત્યા વંશ રૂષિનો વધાર્યો.
જગતપતી તાત નકળંકી રાજારે. ૨૪

સ્પત્મ રૂપે તે નાથ સોહાગીરે,
જેદી હાંક રાક્ષસોની વાગીરે;
તેદી વિધા ગુરૂ પાશે માગી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૨૫

જઇ વાસ વનડામાંહી કીધોરે,
સુરા સતૃસમાંગમ સીધોરે;
પછી કેડો રાવણુનો લીધો.
જગતપતી તાત નકળંકી રાજારે. ૨૬

સીતા કાજે રાવણુને મારીરે,
તોડી લંકા સીતાને વારીરે;
સરછત્ર વિભીષ્ણુ ધારી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૨૭

જેમ ધન ગ્રગનમાં ગાજેરે.
સત્ સીધ્યા હરિચંદ્ર રાજેરે;
ફાટી સપ્ત સંતોને સમાજે.
જગતપતી તાત નકળંકી રાજારે. ૨૮

રૂપ અષ્ટમે ચેતન આણ્યારે,
વેદવ્યાસે શામ વખાણ્યારે;
શ્યામ સુંદિર જદુપતી જાણ્યા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૨૯

શંખ ચક્રને ગદા ધારીરે;
મોર મોગટ તે સીર ધારીરે;
ગોપ વેશે ગૌત્રા વન ચારી.
જગતપતી તાત નકળંકી રાજારે ૩૦

જેહી જુલ્મ વરતાયા ઝાઝારે,
તેહી દહિંત કંસાસુર રાજારે;
તેને કતે ભક્ત દીલ દાજ્યા.
જગતપતી તાત નકળંકી રાજારે ૩૧

નામ નાથી કંસાસુર માર્યોરે,
કારા ગ્રહથી તાત ઉગાર્યોરે;
પછી દ્વારિકાં આપ પધાર્યો
જગતપતી તાત નકળંકી રાજારે. ૩૨

હરિ થયા નવમે અવતારીરે,
બુધ લીલા કૃશ્ન નીવારીરે;

થઈ કિરતી શુભ તમારી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૩૩

મહા બલી દરજોધન મારીરે,
અશ્વમેધ જગન બીગારીરે;
અગમ વાણી શાહે વિસ્તારી.
જગતપતી તાત નકળંકી રાજારે ૩૪

હરિવંશ તે યવન કીધારે,
મારી યાદવ અલપ પદ લીધારે,
નવ કોટી પાંડુ તન સીધા
જગતપતી તાત નકળંકી રાજારે. ૩૫

શ્રી બુધ વિશ્વમાં આવ્યારે;
દેવ બ્રહ્મા મહમદ કાવ્યારે;
મહાદેવ સ્વધામ સીધાવ્યા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૩૬

ચાલ્યાં બુધ પરદે અવીનાસીરે,
અડસઠ તીરથ થયા નીરાસીરે;
પાએ લાગ્યા કેદાર ને કાસી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૩૭

મળી તીરથ સકળ સાથેરે,
માંગી દયા હરિની હાથેરે;
કળા ખેંચી સકળ જગનાથે.
જગતપતી તાત નકળંકી રાજારે. ૩૮

મળ્યા પાંડવ પાંચે એકાંતેરે,
કીધી ગુંજ હરિની સંગાતેરે;
જવા કીધું હિમાળે નાથે.
જગતપતી તાત નકળંકી રાજારે. ૩૯

હરિ વચન હૈડામાં સાલ્યારે,
લઈ વરને પાંડવ ચાલ્યારે;
જઇ હાડ હિમાળામાં ગાળ્યા
જગતપતી તાત નકળંકી રાજારે ૪૦

થયા બુધ તે અંતર ધાનેરે,
તેદી વેદ હુસેની ફર માનેરે;
લાગી દુનીયા તે ડગમગાને.
જગતપતી તાત નકળંકી રાજારે. ૪૧

હતા વિપ્ર જે પુરા પુરાણીરે,
જાુગ ત્રીવેદી વાતુને જાણીરે;

અથર વેદમાં મતી મુંઝાણી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૪૨
ત્રીવેદી ભુલા દ્વિજ પડીયારે,
લોભ પાંખડે જઇને અડીયારે;
અથરવેદ હુસેની સીર ચડીયા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૪૩
સમજુતી સંતોને દઇનેરે,
સકલ સેષ્ટ સજોગ કર લઇને.
દસમે આવ્યા હરિ રૂપ લઇને
જગત્રપતી તાત નકળંકી રાજારે. ૪૪
થયા પુરા પ્રતાપી મુજ સ્વામીરે,
શાહ મુરતુજા અંતર જામીરે;
તમ કીરતી કોટી જશ પામી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૪૫
આજ કળીમાં નકળંક દેવારે,
તેની કરતા જે હેતેથી શેવારે;
તેને મળે ઇચ્છાવર મેવા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૪૬
અંતર જામીએ ઇચ્છા કીધીરે,

૩

આજ રાહ દેખાડી છે સીધીરે
મુનિવરને મહા પદવી દીધી.
જગતપતી તાત નકળંકી રાજારે ૪૭

મુરખ લોક ઓછું મન આણેરે,
નિજ રૂપને નાસતિક જાણેરે;
પુજે નીરને પહાડ પાષાણે.
જગતપતી તાત નકળંકી રાજારે ૪૮

જે નહિ વેદ વાયક પરમાણેરે,
દુઃખ ભોગવશે નિજ ટાણેરે;
જઇ પડશે ચોરશીની ખાણે.
જગતપતી તાત નકળંકી રાજારે ૪૯

ત્રીવેદ ચતુર્થી માયારે,
પંચમ દેવ નિરંજન રાયારે;
નજર નેહથી સેષ્ઠ નીપાયા.
જગતપતી તાત નકળંકી રાજારે. ૫૦

પુરા નર પરમેશ્વર તેતોરે,
અનુભવે ગુણ નરનાં જે તોરે;
મુક્તિ દાતા છે વિશ્વવ એતો.
જગતપતી તાત નકળંકી રાજારે. ૫૧

અનંત રૂપે નકળંકી ફરશેરે,
અસંખ ચરિત્ર તે તો કરશેરે;
દુનિયા દિલ થર નહિ ધરશે.
જગતપતી તાત નકળંકી રાજારે. ૫૨
આ પક્ષ તે પાંચારી પ્રાણીરે,
પ્યારા સજ્જનો એવું જાણીરે;
હેતે ભજોને સારંગ પ્રાણી.
જગતપતી તાત નકળંકી રાજારે. ૫૩
પ્રભુ કૃપા તમારી વાપોરે,
જન સંતોને મુકિત આપોરે;
હરિ કષ્ટ પેથાનાં કાપો.
જગતપતી તાત નકળંકી રાજારે. ૫૪

પદ ૩ જું.

" રાગ " ચાબખાનો.

(મન) અલી સાથે કરો ઓળખાણું,
આરોગો અમૃતનું વસાણું. (ટેક)
યાદવમાં હરિ કુળ તમારૂં, હવે યવન કેવાણું;
યાદવમાં હરિ કૃષ્ણ કેવાણા, હવે શાહ મુરતુજા જાણુરે ૧

સતી હતાં જે રૂક્ષમણી, જેથી જાદવ કુળ સોભાણું;
કળજુગમાં મહા લક્ષમી તમને, માતા ફાતમાં જાણુ રે. ૨
વેદરે વ્યાસનાં પદ તજી; થયું કળજુગનું પરીઆણું;
ઇસ્લામીમાં અવતર્યા, નામ નબી મહમદ ભણાણુ રે. ૩
કળજુગમાં ગોરે જ્ઞાન કહ્યા. જેમાં ઝરમર નુર વરસાણુ;
ગુણસકળ તારા ગાય છે પ્રાણી, ત્રણલોકમાં જશ ગવાણું ૪
અનાદી કાળે આવશે, નર મહમદશાહ એંધાણું;
સેન્યા મેદની સાથમાં, વિચરશે ખુરશાણું. ૫
પહેલાં પટોધર આવશે, જે સેન ઘણુ સુરાણું;
હડમાન જતિની હાકમાં, વરત સે હરિની આણુ રે. ૬
સુદ્રઢ સુરા નર સોંઢસે, સ્વાર કોતલ લક્ષ બાણું;
સુણી દુવાઇ અલેખની, દાણવમાં ધાંધલ મંડાણુ રે. ૭
દાણવને હરિ મારશે, ત્યાં મંડાશે મોકાણું;
સુખ પામે ત્યાં સંતજનો, અને લેશે માહાસુખ લ્હાણુ રે. ૮
દુષ્ટજનો સીરદંડ થશે, થાશે કિયામતનું નજરાણું;
કહે પેથો હરિ ચરણે તમારે, સદા માંગુ રહેઠાણુ રે. ૯

પદ ૪ થો.

" રાગ " ચાબખાનો.

(મન) અલખકા અજબ તમાસા,
અખંડ સુખ નિરંતર બાસા. (ટેક)

પ્રેમ તત્વશે પિંડ બનાયા, જીવથી કીનાં બાસા;
પુરૂષ પ્રકૃતીકી બની પુતલ્લા, આત્મ કીયા અભ્યાસારે. ૧
અહુંગ નાંદસે ઉતપાત સંવારા, રચનાં યે દિસ છાયા;
સોહંગુનાદસે સંપદુનિયાબિચ, હુઈ આકલિત માયારે. ૨
અહુંકારે અનુભવમે હરિ, નિસદિન ચેન સમાયા;
કેતેક બરસું વ્રાહ ભઇ કલ્પનાં, અનહદ ભેદ ઉડાયારે. ૩
સાગર જલ અરૂ સૂર ચંદા, ગગનબિચ ગ્રહ સીતારા;
અગમ અગાધ અરૂ અથઇતીમે, નિરજંન સરજનહારારે. ૪
અનહદ ગુણ નિધિ પરભુ, વરણુનનાં પોહોચે વિચારા;
કહે કરજોડી દાશ પેથો, મુજે અલખ કરો ઓધારારે. ૫

પદ ૫ મો.

" રાગ " ચાબખો.

ગગન મંડળ સહી ઓળરે, નિરભે નારાયણ ડોલે; (ટેક)

સેષ્ટ સંજોગ પાયા નહિ, નહિ ગ્રહ મંડલ ગુણ દાખા;
ઉસી બરસમે નિરંજનને, સુદ્ધકીની અકલ અભીલાષારે ૧
જલ થલ વાયુ વ્યોમ નહીં સત, બ્રમંડ ચંદ્ર ઉજાલા;
અનુભવ આભ્રણ નિકટનહિ,જહાનિરજંનખેલે નીરાલારે ૨
ગૌરવ જ્ઞાની ગોતાખાએ, સબહારે પંડિત પુરાની;
બ્રહ્મજ્ઞાની સબ ભૂલત ફીરે, અલખ ગતી કોઇએ ન જાનીરે. ૩
યાસત્ કરે કોઇ નાસત કરે, અપના ગમ બહોત ફીરાવે;
જાને વિરલા સત્ ગતીકો, વો સહેજ ગતીકો પાવેરે. ૪
તુહીં નિરંજન તુહી નારાઅન, નરહરિ નર આકારી;
ઇસ દુનિયાકે ઉદેસહી ખાતિર, લીનો શાહ આકારીરે. ૫
સેષ બિશેસકા સીરાન પાવે, કોઉ સકે ન મમતા મોડ;
કહે પેથો હરિ તું પ્રતાપી, મીટ જાવો મેરી ખોડરે ૬

પદ ૬ ઠું.

" રાગ " ચાબખો.

અલખદેસ અનતહે નીરાલા,
સકે કઉ પાવત નહિ સીરાલા. (ટેક)
અજબ અનોપમ બીંબ હરિ સોહત; અનહદ બસે ઉજાલા;
ખાવત પીવત સોવત નહિ, હરિ પ્રેમ મગન્ સુખમાલારે. ૧

ત્રીગુણ તત્વકો બાસ નહિ, ઘટ નિરમલ ચેન બસાલા;
વિશ્વા વિવેક રૂઢાંરૂઢ લાએક, સાયક સર્વદા સુખાલારે. ૨
ભાવક ભેદ અરૂ આસ ઉપાધી, સબ દુનિયાકો દોહેલા;
અપનકો કછુ કાજજ નાહિ, પરમસ્તીસું કાજ કરેલારે, ૩
જીનસે બહોત બીધીકી હાજર, અજબ અનુભવ ભરાલા;
અનેક બીધી ઉતપાત બનાઇ, સમાગમ સ્વરમાં સમાલારે.૪
પેથો કહે કરજોડી તુમહે હરિ, રહો મુજ સીરપે કરપાલા;
સદા સલામત રહે મુજ ભક્તિ. તુજ ચરણું મે દયાલારે, ૫

પદ ૭ મું.

" રાગ " ચાબખો.

વિવેકી દુનિયામેં આયારે, ગરકાલી ગાત્ર ગુન ગ્રાહ્યા. (ટેક)
સર્વ સ્વાદ જનું ચાચ લીયાને, નિજ વેદ વચન સોહ્યા;
નીતિ સમાગમ સોધત મે, આપની કસદીની કાયારે. ૧
પરલોકી પ્રીતી અરૂપંડ સ્નેહી, ગ્રહી સંકલ સુદ્ધ માયા;
ઇસ દુનીયાકી દમના સહે કર, તનકા તાપ સમાયારે. ૨
લોક અપવાદી લાલચ સ્નેહી, નેકવો દીલ બહેલાયા;
કરમ પતાકા જીસ કર ગ્રહી, ઉડાદી ચોદિસ છાંયારે. ૩

ક્રુર કૃત્ય અરૂ કલ્પીત અમસે, આપનાં અંગ બનાયારે;
કુડ કપડ અરૂ પાપ નિસેબિક, હરખાપમસે ગમ આયારે. ૪
વિવેક તેં સોહે તબ શુંદરા, જાકે ગંધરવને ગુન ગાયા;
ધન્ય સદા ઉસ જનનીકું, જીસે વિવેકી જન્મ ધરાયારે. ૫
ત્રીબેનીકા ખેલ બડોહી, જયેસે ખાંડેપે નચવાયા;
કહે પેથો પ્રભુતે સુખદાતા, વેહની સે સત બચાયારે. ૬

પદ ૮ મું.

"રાગ" ચાબખો.

દિન ભર મન ડોલત હેય દીવાને,
ગયે નિજ ફંદોમે ફસાને (ટેક)

દામસેં હામ રહે નિત જોરી, દંભી દીલ ભરમસતાને,
સાર અસારકા સોચહી નાહી, નિશ્ચે લેરી વાજુ ફુટાનેરે ૧
રહત સદા અપની મત દોરે,સહીમાની રહ્યા અપનીમતતાને;
આવે હલકારા મોત મલાયક,જબહી બોત લગો પસ્તાનેરે.૨
દાવાનલ જમ પ્રગટ ભયોતબ, દેક લગી યદ દાહને;
ગીરી બરસા સીર બીતકી, જબી લાગે આંસુ બહાનેરે. ૩
અનહદ આફત આગે ખડી, લગાતન મન જીઉ જુકાને;

હરત ચરણ સીર ડોલત નાહી, તમ લગે ગલ્લાનો સુકાનેરે. ૪
એસી આફત જમ આયે ગોરી, નહી આવત કોઉ છુડાને;
કહે પેથો નર હરિ ભજનસે, અબ વોહી કહરૂ જાનેરે. ૫

પદ ૯ મુ.

" રાગ " ચાબખાનો,

અલખકી અગમ ગતી એસી, પ્યારે જાને કોઇ પરદેશી ટેક.
નેકી ન્યાય જીસ હૃદય નિરંતર, સત દત સંતોષ ધરેસી;
દુષ્ટ કરમસેં ડરત ચલે, વોહ પ્યારાહે પરદેશીરે. ૧
વોહી પરદેશી પેખતહી, મીજ પડેહી બીસેસી;
એસે સંત સમાગમસે, નવ રહતહે કાઉ કીસેસારે ૨
વિજય વીલંબી બીલાસહી ખેલત, ઠેલતહે ઠગાઇ ઠરેસી;
નામ નિરંતર રહે નિજ તનમે, ધ્યાન ધનીકા ધરેસીરે. ૩
ખ્યાલ ખાવિંદસે કટેનાં તલ ભર, કુકાજ કમહુ નાં કરેસી;
પ્રેમ મગન હસતા રહી ડોલત, જીયુસુરતાં ખેલત નરેસારે ૪
સ્વભાવ શીતલ દીસતજાકો, નિજ તનકો તાપ હરેસા;
સમ જનસેં સંતોષહીમાને, જાને સમ એક દરેસારે. ૫
બ્રહ્મ બીલાસી સદા સુખવાસી, ને હૃદય હિત હરેસી;
કહે પેથો પ્રભુ કિપા તેહારી, મીજે મીલે મુકતો ખરેસારે ૬

પદ ૧૦ મું.

" રાગ " ચાબખાનો.

શ્રી વિષ્ણુ વૈકુઠ તણા વાસી, પુરતા અમ તણી આસી. ટેક.
વિનય કરૂ મારા વાલમની, હૈયામાં ચાહીને ઉલાસી;
કરૂ આમંત્રણ અંત્ર તણા, તમ દરસ તણી છુ પ્યાસીરે. ૧
સેષ્ટ સંજોગ સર્વ કરગ્રહી, કરી કબજે લક્ષ ચોરાસી;
ક્ષણમાં તો ફેરા ટાલે. અનુભવાંએ નરની એકાસીરે ૨
તન મન ઘર ધન તજી, તજી સગું કુટમ સુતદારા;
માત પિતા ભગ્ની ભ્રાતતજી, અકલમાં છો જનારારે. ૩
ત્યગ્ નહિ દેખો નારીને, નહિ દેખો સકલ સંસારા;
અનાદિ કાળે સાધાએતો, નર હરિ સંગે થનારારે. ૪
જંગમ સન્યાસી જોગ મધ્યે, ઘણા સીદ ફરનારા;
ધુત ઢોંગીલા દરવેસી, એતો ધન તણા હરનારારે. ૫
અનહદ આનંદ પ્રગટ કરે, પરદુઃખ તણા હરનારા;
હુ બલીહારી નિજં નાથ તણે,મુજ આતમછો તારનારારે. ૬
વાયુ લાગ્યા મુજ કર્મ તણા નાવ સપડાણી આ સંસારા;
જેદી પવન લાગે હરિ પ્રેમ તણો, બેડી ઉતરસે પારારે ૭
અનહદ તિર્થ હમે કર્યા, થયા તીરથ કરનારા;
ભજ પેથા તું કરૂણાનિધિને, સુખ આનંદ કરનાર.રે. ૮

પદ ૧૧ મું.

"રાગ" ચાબખાનો.

શક્તમાં શિળવંતી સાણીરે, જગતનું જીવાનંગ જાણી ટેક.
તુજ પરતાપે પરગટ થયા દેવ, ત્રીગુણ તત્વ જણાણી;
વળી બ્રહ્મા વિષ્ણુ માહેશ થયા, તુ તો બની પટરાણીરે. ૧
અગાધ અનાદી અગમ અગોર, જહાં લગી સેષ્ટ જણાણી;
નામ તારા તો ગાજી રહ્યા, માં તું વિદ્યા વિવેકે ભણાણી ૨
માં ચાંદા સુરજ ગ્રહ સોભી રહ્યા, વાયુ અગ્નિને પાણી;
તુજ આકૃશણમાં થોભી રહ્યા, સૌમતી તારામાં સમાણીરે ૩
સચેરાચરમાં રમી રહી, જેમ સાગરમાં પાણી.
સુરીનર મુનીવર દેવેંદ્રમાં તું, વેદે માયાને વખાણીરે. ૪
પ્રમ તત્વનાં પીંડ વિષે, મૈયા પ્રથમ તું પરખાણી;
પછી કોટી કલ્પના પેદા થઇ, જેમાંથી સેષ્ટ સરખાણીરે. ૫
શેષ વાસંગી વ્રણ કરે, વખાણે વિશ્વજંતુ પ્રાણી;
તુજ મહીમાની કળના આવે અકલિતમાં તું ગવાણીરે. ૬
ભવો ભવે અને જુગો જુગે, માં કૃપા અમપર આણી;
કળજુગમાં આ વિશ્વકુમારી, શ્રી હરિ નકળંક નારાયણીરે ૭
તુજ પ્રતાપે ઇચ્છા હમારી, નિદ્ધાને સફળ જણાણી;
કહે પેથો પ્રભુ તમો ચરણમાં, તમો લેજો મુજને તાણીરે ૮

પદ ૧૨ મું.

" રાગ " ચાબખાનો.

અવલમે અલેખથે અવિનાશી, જીનહો સેષ્ટ ભરવાશી,(ટેક)
નિરા બીબ નિરબસ સેષ્ઠ જબીથી, અજબએ કીલ પ્રકાસી;
ધુમ્ર આકૃતીભઇહરિ રંગસે, જીસરો નેહજલ ખીરપ્યદાસીરે.૧
વહી ખીરસે ફીણ બને, અરૂ ફીણસે ઇંડ ઉપાસી;
વહી ઇંડકે છેદતમે, નરઆદ ત્રીભોવન બાસીરે. ૨
નિજ તનમે તરતીબે તોલકીઓ, જીસે નાભ ચક્ર પ્રકાસી;
નાભ ચક્રસે નુરભયા, પરીબ્રહ્મ પુર બીલ્લામીરે. ૩
હૃદયમે હર્ષિત બનકે, હુઇ વિષ્ણુકી પ્યદાસી;
સીર મુગટ સીરદાર બને, અખંડાનંદ પ્રકાસી. ૪
જો સદા દિગંબર નાથ નિરંગુણ, મહા ઇશ્વર બનવાસી;
બાયાં બદનસે બની બાલીકા, શકિત ભઇ સુખવાસીરે. ૫
ચર્માત્ર દોદસ ફેલદીએ, ચારો બેદ અરૂ લક્ષ ચોરાસી;
સતક્રમ મિક્રમ પ્રત્રાસ ભયો, અરૂ બાણખાણ બીકાસીરે ૬
નારાયનકો હુકમ ભયો, ત્રીદેવ જગ્ત પ્રવાસી;
વિષ્ણુ સીર ઇલકાબ દીઓ, દી નારાયન પદમાસીરે. ૭
અપની શકિત નારાયનને, બિશ્વમે ભરવાસી;
વિશ્વંભર પદવી દીબિશ્નુકો, નિરંજન ભયે નીર સીરે. ૮

આદી અનાદી વિષ્ણુ રાજા, વો મુકતી દયાલ વિલાસી;
કહે પેથો હરિ આસ તમારી, કટે મિંજકી ઉદાસીરે. ૯

પદ ૧૩ મું.

" રાગ " ચાબખાના.

મન જાસો માયા મેલીરે, તારી સુની રહેશે હવેલી (ટેક)
મન હંસાતો મેલી ચાલ્યો, પછી થઈ કાયાતો રાંડેલી;
ચારો દીસાથી ધાડુ પડે જેમ, નગરી જોજોરે લૂંટેલીરે. ૧
મોટાઈ એ મન જાણે નહી, જે નજરે વાત થએલી;
વિત્યા પછી તો વળશે નહી, જે વેલાનો વહી ગએલીરે. ૨
કાયા રાણીતો રોસે વણી, મારી આસી ગતો તો થએલી;
કંથ વિજોગણ હુતો બની, ગયો બાળાપણનો બેલીરે. ૩
સારૂં સુખાલું સોધાતાં, તારો રસ ગયો છે રેલી;
મુરખ હતા તે મોંહ ધોઇ બેઠા, બાજી સંત ગયા ખેલીરે. ૪
સર પર બોજો સહ્યો ન જાવે, ફોગટ ખોટું ખણેલી;
તુંતો જાચ પેથા પ્રભુને, જે કરે આનંદ એલીરે. ૫

પદ ૧૪ મો.

કક્કો લખ્યો છે.

અયા અલખ છે જે મોટા ઇશ, જહાન સકળ તણો જુગ દીશ;
જુગદંબે જે માયા સાર, ત્રીગુણ તત્વ જે વેદ વિચાર;
અક્કલ થકી કીધી ઉત્પાત, દયા વંત તુતો દીનો નાથ;
તેને પુજો વિસ્વાવીમ, તો અયા અલખ છે જે મોટા ઇસ. ૧
કક્કા કરમ તણો આધાર, જોગ માયા જે ઝીતણહાર;
તરત કરોને તેની સેવ, દીનબંધુ જે દયાળુ દેવ;
અનેક ગુણતો એમાં વસે, અંતે કારજ એથી થશે;
છોડો નર જુડો જજાર, તો કક્કા કરમ તણો આધાર. ૨
ખખા ખોટી પદવી મેલ, ખમ્યા તણા તમો માંડો ખેલ;
ભવ સાગર રહ્યો મહાં ગંભીર, હરિ ઉતારે ઓલે તીર;
અનેક તુરંગે બચાવે ઇશ, જુગતે જપીએ શ્રી જુગ દીશ;
પ્રભુ આપે નવનિધ સેહેલ, તો ખખા ખોટી પદવી મેલ. ૩
ગગા ગુણવંત થાજો ઘણા, વિવેક આણો શ્રી વિષ્ણુ તણા;
નર શક્તિ જે નૌત્તમ નામ, અજંમ અનોપમ જેના ઠામ;
કોટી જુગમાં કીર્તી ઘણી, સહાયકારી ત્રીભોવન ધણી;
મેહ વરસાવે મેહરજ તણા, તો ગગા ગુણવંત થાજો ઘણા. ૪
ઘઘા ઘડપણ માથે ભમે, જેમ રવી ઉગે આથમે;

એમ વધઘટ થાતું અંગ;
પ્રભુ સમજાવી કહે ... ઉજ પક્ષ તે ... અંત્તકારે, કૃષ્ન પક્ષ તે વ્યાપે અંધકારઃ
ઉગારે હરિ અંત્તસમે, તો ઘવા ઘડપણ માથે ભમે 5
નના નેહડા હરિશુ કરો, ને કોટી જગનનાણા વરવરો;
ટોડે ભજો કૃપાનિધાન, જેથી સુધરે તારી સાનઃ
અનેક મનવા કરો ઉપાએ, વિન ઔષધે ન પીડા જાએ;
શાહ ઔષદ્ધ જો અંત્તર ધરો, તો નના નહેડા હરિથી કરો. ૬
ચચા ચીતવ્યા થાસે કામ, નેહમાં રાખો આતમરામ;
લાલચ લવની મનથી મોડ, ગર્વ આપદા અલગી છોડ;
સહેજાનંદે ... જાના વિલાસ, હરિ પુરે તુજ અનહદ આસ;
રૂદીયે જપીએ નિમળ નામ, તા ચચા ચાતવ્યા થાસે કામ ૭
છછા કરો છુટયાની આસ, તો મેલોને દુનિયાની વાસ;
પ્રથમ દીલ કરો ગંભીર, જેવા આછા નિર્મળ નિર;
મન સુધથી દુઃખ દુરજ વશે, અવર ઉપાધી અલગી ખસે;
થાએ અંત્તરમાં હરિનો વાસ, તો છછા કર છુટાની આસ ૮
જજા જાણો નિર્મળ ભેદ, તો સઉ પ્રમાણો વાએક વેદ;
શુર સનકાદિ કોટિકદેવ, વદ વચનની કરતા શેવ;
અવિચળ પદમી તેને મળી, અગ્નિઆંચ વેદેથી ટળી;
હેડ વિરહે થાસે છેદ, તો જજા જાણો નિર્મળ ભેદ. ૯

ઝઝા ઝખ મારે સૌલોકે, ડાહ્યા થઇ ડર
દસરથરાએ ઘેર કૈકૈ હતી, જેણે વન દીધા ...તા ...ત;
ધ્રુવ ગયા હતા વનવાસ, તોએ પ્રભુએ પૂરી આસ;
તુજ પરસાએ ધણી ત્રીલોક, તો ઝઝા ઝખ મારે સૌ લોક.૧૦

ટંકા ટાણા હરિના મળ્યા, તે ગફલતમાં નિશ્ચે ટળ્યા;
સેજે સેજે મળ્યો સંજોગ, હેતે કરો નરહરનાં ભોગ;
કરમ ગતી છે હરને હાથ, રૂદે કરો સ્વામી સંગાથ;
પ્રભુ વચન તું કરને ગળ્યા, નોટંકા ટાણા હરિના મળ્યા ૧૧

ઠઠા ઠાઠ જગતનો છોડ, ઠાલી ઠકરાઇ એ મોટી ખોડ;
ખમ્યા તણીતું ખેતી ખેડ, ને હરિ નેહ તણુંશે; ... ...;
કૃપા કરે વિશ્વંભરરાએ, સતૂથી નીપજ અમુલખ થાયે;
દ્રવ્ય ગાંઠે લઇ બાંધે બોહોડ, તોઠઠા ઠાઠ જગતનો છોડ ૧૨

ડડા તે ડાપણનું કામ, હરિ ચરણમાં રાખો હામ;
અલખ ધણી અલગા મત જાણ, વ્યાપક રૂદિયે સારંગ પ્રાણ;
ક્ષેમ કુશળ સુખ પુરે આસ, અકલ સ્વરૂપી નર અવિનાશ;
સુધ કરતવથી સોધે કામ, તો ડડા તે ડાપણનું કામ. ૧૩

ઢઢા ઢમકે વગાડી ઢોલ, કિપાનિધી હરકહેતે બોલ;
નથી અંધારે કીધું કામ, વેદ વ્યાપક તે ઠામો ઠામ;
હ્રિદિયે દોષ ન સરપરલીધ, સર્વ કળા સંજોગી કીધ;

ધરમ તણી કહે અતોલે, તો ઢઢા ઢમકે વગાડી ઢોલ. ૧૪
રેણા રણમાં પડશે રાડ, જ્યાં કાહેરનાં ભાંગે હાડ;
કુદેરતનો છે એવો ખેલ, અનંત કરતવનાં મળશે મેલ;
કાહેર પણું તુજ મૂકી દેહ; નેહ ધરી હરિ ચરણે રેહ;
ઓડ અંગે હરી તણો ઓછાડ, તો રેણા રણમાં પડશે રાડ. ૧૫
તતા તું સમજીને બેસ, પસ્તાશો નહિ દેખી વેસ;
કોઈ વસ્તર અંગ રેસમી ધરે, કોઇ નર વનમાં નાંગા ફરે;
કોઇ પ્રાસે બાસુદી પુર, કોઇ નર જમતાં બંટી કુર;
જેમ માયાનો એવો વેસ, તો તતા તું સમજીને બેસ. ૧૬
થથા થંભ દુનીયાનો જાણ, જીસપર વરતા સસિયર ભાણ;
નવ લખ તારા ભુપિયાળ, સ્વર્ગ મંડળને સચરાચાર;
બ્રમંડ એકવીસને અનહદપરી, શું દિર રંગ સલ્યા જેપર જડી;
અલખ આધારી સઇ પરમાણ, તો થથા થંભ દુનિયાનો જાણ. ૧૭
દદા દિલપત્ત કરને આજ, જેથી સુધરે તારાં કાજ;
અવર ઉપાધી મુકો માણ, તો આતમમાં અલખ નર જાણ;
કોટી કલ્પના હોવે દુર, તો નુરિજન કેરાં વરસે નુર;
સોહામી મનમાંહે મહારાજ, તો દદા દિલપત્ત કરને આજ. ૧૮
ધધા ધરમ ખડક કર ઝાલ, ધરમ તણીતો બાંધો ઢાલ;
ધરમ બક્તર ને ધરમ નીસાન, ને કલ્પિત કરમ ન લાગે બાણ

ધરમ ધરા સંજોગી સેસ, ધરમે કર મતાપી વેસ;
ધરમ નિવૃત્તી કરશે નિહાલ,તો ધધા ધરમ ખડકકર ઝાલ.૧૯
નના નૈણે રાખો નેહ, પ્રભુ વિના નહિ પામો છેહ;
પરપંચનાં પરવાળા તોડ, સ્યામ શું દરશું દ્રષ્ટી જોડ;
જે અખંડ પ્રેમી દીશે ઘણા, તે ગુણ વખાણો નિરજન તણા;
તેને અરપણ કરીયે દેહ, તો નનાં નૈણે રાખો નેહ. ૨૦
પપા પુરણ કરજો પ્રીત, રામ ઇચ્છાથી રૂડી રીત;
રામે માર્યો રાવણરાજ, સાહેરપર બંધાવી પાજ;
વાળી સીતા વધાર્યો નામ, વિભીક્ષણનાં કીધાં કામ;
તે તુજને તારે ખચિત, તો પપા પુરણ કરને પ્રીત. ૨૧
ફફા ફોગટ ફાફા ભરે, વણ ખુટે કાં વેલો મરે;
પ્રભાતે જેમ ઊગે સૂર, તેવા છે નારાયણ હજુર;
તેજ તણો દીશે અંબાર, જેથી મટશે ઘોર અંધાર;
હરિ અજવાળે કારજ સરે, તો ફફા ફોગટ ફાંફાં ભરે. ૨૨
બબા બળવંત તારૂં રાજ, શું અહી બેઠો થઈ મોતાજ;
દુનીયાનાં ડાપણમાં રહ્યો, અંત સમે ઓશિયાળો થયો;
રતન જડીત્ર ઉત્તમ વાસ, બાગ બગીચા લીલ વિલાસ;
સ્વરગમાં જઇ માણો રાજ,તો બબા બળવંત થાને આજ.૨૩
ભભા ભજનમાં મોટાં સુખ, વિષે વ્યાધી નવ વ્યાપે દુઃખ;

ધરમ તણે જઇ બેસો ધાટ; તો સ્વર્ગ તણી દેખાસે વાટ;
સ્વર્ગદેસ મહા ગુણગંભિર, ત્યાં પોહોંચો થઇ બલવંતવિર;
થાયે સુવાસિત જનની કુખ, તો ભભા ભજનમાં મોટું સુખ.૨૪

મમા મંગળ વરતાશે ઘણા, દરશન થાયે જો સુરીજન તણા;
પ્રેમપિયુ વસે ઘટમાએ, તો આઠો જામ આનંદ સુખ થાયે;
પ્રેલાદ ઉપર વિપત્તી પડી, તો અંતર વરતી આનંદ ઘડી;
જો ન્યાગે નેહ નારાયણ તણા, તો મમા મંગળ વરતાશે ઘણા.૨૫

યયા યવન થઇ તું બેશ, ભવાઇ સમાં તજ જુઠા વેસ;
ટીલાં ટપકાં જુઠા ઠાઠ, તજો પ્રપંચ પાખંડની ગાંઠ;
જપો વિલોકી વિશ્વરાજ, તો યવનપણાનો સુધરે કાજ;
નહાવ પ્રેમસાગરમાં બેસ, તો યયા યવન થઇ તું બેસ. ૨૬

રરા રામ જે સીતાપતિ, રમજ્યાં નહિ કોઇ તેની ગતી;
વિશ્વ બધામાં વ્યાપી રહ્યા, સાતમે રૂપે રામજ થયા;
રામ કાજે તો તજ્યા રાજ, પ્રગટ થયા હરિચંદને કાજ;
રામ નામ ગજાવ્યું ઘણું, બળ ખેચાણું દાણવ તણું;
વિભીક્ષણ કીધો લંકાપત્તી, તો રરા રામ જે સીતાપતી.૨૭

લલા લક્ષણ સુધરે સહી, કામ કપટ મધ વ્યાપે નહિ;
લોભ લાલચને અરીસ્યા ક્રોધ, નાસતિક ચંડાળુને બોધ;
તે મહાપાતિક પ્રલે થાએ, જો હેત થકી હરિનાં ગુણગાએ;

પ્રીત હરિ સંગ છોડે નહિ, તો લવા લક્ષણ સુધરે સહી.૨૮
વવા વનમાં મારગ જડે, તું ભ્રમણામાં શું ભુલો પડે;
મહા ઉપાધી મોટા પહાડ, તલિન તુરંગી ટીંગા ખાડ;
કૂડ જંજાળી કાંટા ઝાડ, તે વન હિસંક મહાવિકાળ;
તે વન મધે જો હરિકર ચડે, તો વવા વનમાં મારગ જડે.૨૯
શશા સાગર ભરીયો સાર, થાએ જો વિધીએ વહેવાર;
પીવે જલ ઉપાવે અન્ન, નાના વિધ મેવા ભોજન;
બગ કરે મચ્છીનો આહાર, કાગ કરે મલિન વહેવાર;
હંસા રતનનાં અહારજ કરે, માણુક લેઇ ચાંચુમાં ભરે;
વણુજ મધે કરીયે વિચાર, તો શશા શાગર ભરીયાસાર.૩૦
સસા સમજુ થઇને ચાલ, ખમ્યા તણો તું મારગ ઝાલ;
ખગોળ ભુગોળનાં મોટા ભેદ, અઢાર પુરાણુ ને ચારે વેદ;
ભણતા તુને નાં લાગે વાર, જો પાળો ખમ્યા આચાર;
ખમ્યાએ પામો પદ વિશાળ,તો સસા તું સમજુ થઈ ચાલ ૩૧
હહા હરમાં ગુણુ છે ઘણા, શેવક થાઓ તે સરણું તણા;
જેથી મળે મુકિતનાં ભેદ, આવરણુ સઘલા પામે છેદ;
ઠગ ભીખારી ઢોંગી ધુત, ભુવા પાંખડી બાઅર ભુત;
શીષ ના બનીયે ઢોંગી તણા, તો હહા ગુણુ છે હરમાં ઘણા.૩૨
જ્ઞ જ્ઞાની અક્ષર ગુણુ નિધાન, તુજથી શોભે શુંદિર જાન;

જ્ઞાન થકી ધર ગંગા વહે, જ્ઞાને મુક્તિ દાશી છેહે;
જ્ઞાનવંતા નર દીશે જેહ, સદા દેવાંશી તેનો દેહ;
જ્ઞાનજગતમાં ઉજવળ ભાણુ,તો જ્ઞજ્ઞાનઅક્ષર ગુણનિધાન૩૩
અક્ષર બત્રીશી પુરી થઇ, બુદ્ધી પ્રમાણે તેતો કહી;
જુગ જીવા નંગ મોટાઇશ, કૃપાળ સદા રહો મારે શિશ;
તુજ પ્રતાપે સ્થીર સૌજન, તુજથી દ્રડ થાવે મુજ મન;
તુજ આગળ મતી મુજાઇ રહી,તો અક્ષર બત્રીશી પુરી થઇ૩૪
તુજ વિના નવ ચાલે જગ, તુજ વિના ન ભરાએ પગ;
કરમ ધરમ છે સૌને સાથ, જીવત મૃત તે તુજ હાથ;
સદાએ કાળે માંગું નાથ, અનાદી કાળે તારો સાથ;
મુજ મન જઇ લાગે તુજ પગ,તો તુજવિના નવ ચાલે જગ.૩૫
હોંસ હઇડામાં વ્યાપી ઘણી, હાર રચીમેં હરિ રસ તણી;
કવી વિધાવંત મહા ગુણીજન, કૃપા કરો તમે શ્રોતા જન;
કહાવું કણબી જાત કીસાન, નિવાસી કચ્છ માનકુવા ગામ;
ગુણ ગાયા હરિના ગણી, તો હોંસ હઇડામાં વ્યાપી ઘણી.૩૬
કરજોડું હું હરની સાથ, પ્રભુ પેથાનો ઝાલો હાથ;
કકા વળી મેં પુરણ કરી, શ્રોતા આગળ પ્રેમે ધરી;
ભુલચુકને બક્ષો ખામી, કહું છું હું સિસજ નામી;
પ્રેમ ભરી હું ભીડું બાથ, પ્રભુ પેથાનો ઝાલો હાથ. ૩૭

સંતોને શરણે.

આ પદોનો કર્ત્તા પા. પેથા રામજી, તથા પા. જીવરાજ વસ્તા, રહેવાસી દેશ કચ્છના કઠી પાંચાડામાં ગામ શ્રી માનકુવાના શ્રી બાવાજી સાહેબ ઇમામશાહ બાવાના પુરણ ભક્તજન તથા સદગુણી છે. તેમણે પોતાના પ્રેમ બળે આ પદ રચેલા, ને મને તેઓએ મોકલ્યા તેથી તેમનો ઉમંગ દેખાડવા મેં આ પુસ્તકનું સંતવાણી નામ આપી છપાવ્યું છે. કારણ કે જેથી બીજા સતોના ઉમંગમા વધી થાએ.

લેખક.

પરચુરણ જાણવા જોગ

વેદ ચાર છે. ૧. રૂગ્ ૨. યજુર ૩ સામ ૪ અથર્વણ વેદ છે તેમાં દરેકના પેટામાં સહિતા, બ્રાહ્મણ અને ઉપનિષ‍ ત્રણ ભાગ છે.

સંહિતામા સ્તુતી=પ્રાર્થના છે બ્રાહ્મણ એ ગદ્ય ગ્રંથ છે, તેમાં રૂષિ ને ગ્રહસ્થોને કરવાના કર્મ લખ્યા છે. ઉપનિષદમા આત્મા ને પરમાત્મા સંબધી વિચાર લખ્યા છે.

વેદનાં મત્રોને સહિતા, ને સહિતા ઉપર વિસ્તારથી વિવેચન કરેલા ગ્રંથોને બ્રાહ્મણ કહે છે.

રૂગ્ વેદ ઉપર, ૨ યજુર વેદ ઉપર. ૩. સામ વેદ ઉપર. ૪ અથર્વણવેદ ઉપર (૧) એટલા બ્રાહ્મણ ગ્રથો છે ને આરણ્યક ગ્રંથનેજ બ્રાહ્મણ ગ્રંથ કહે છે. એ આરણ્યક ગ્રંથ રૂગ્ વેદ ને યજુર વેદ ઉપરજ થયા છે.

ૠગ્ વેદ સંહિતામાં, ૧૦૧૭ સુકતો છે અને તે સુકતોમાં ૧૦૦૮ મંત્રો છે યજુરવેદમાં કૃષ્ણ, ને શુકલ, બે ભાગ છે. યજ્ઞન કરાવવામાં જમીન માપી વેદી બનાવવી, વાસણ, પાણી, ને લાકડા તેયાર કરવા; અને યજ્ઞના પશુનો વધ કરવો એ કામના કરનારને અધ્વર્યુ કહેતા.

નિયમ પ્રમાણે યજ્ઞ વખતે કેટલીક ક્રિયામા ગાયન કરવાનુ હોય છે, એ કામ કરનારને ઉદ્‌ગાતા કહેતા.

અધ્વર્યુના મંત્રને કામની રીત વિગેરે યજુર વેદમાં છે ને ઉદ્‌ગાતાનાં મંત્રને કામ વિગેરે શામ વેદમાં છે.

અથર્વણ વેદમાં, રોગથી અગાતકી પશુઓથી, અને દુશમનોનાં શ્રાપથી બચવાના વિધિઓ આપેલા છે, તથા દેવને પ્રસન્ન કરવાના આયુષ્ય વધારવાનં; રોગ મટાડવાના ને ધન મેળવવાના મંત્રો છે.

વેદ શ્રુતિ કહેવાય છે, ને શ્રુતિ એટલે પ્રમેશ્વરથી સાંભળેલુ, ને સ્મૃતિ એટલે યાદ આવેલું.

વેદ પછી ૧૮ પુરાણુ ને ૨૨ સ્મૃતિઓ ઇ. સ. ૧૦૪૫ માં થઇ કહેવાય છે.

છ સાસ્ર ૧. સાંખ. ૨. યોગ. ૩. ન્યાય. ૪. વૈસેષિક. ૫. પૂર્વ મિમાશા. ૬. ઉત્તર મિમાંશા એ છયે શાસ્ર ઇ. સ. પૂ. ૫૦૦ વરસ પહેલાં રચ્યાં છે. ને વેદ તમામ કવિતામાં છે. ને અસલથીજ કવિતામાંજ છે.

મહા ભારત ઇ. શ. પુ. ૧૨૦૦ વરસ પહેલાં વ્યાસ મુનીએ રચ્યું હતું, તેમાં ૨૨૦૦૦૦ શ્લોક છે. કૌરવ પાંડવ. ઇ. શ. પુ. ૩૧૦૦ વરસ પહેલાં થયેલાં છે.

રામાયણ વાલમેકીએ મહા ભારત રચ્યા પછી ૨૦૦ વરસ પછી રચી છે.

વિષ્ણુ પુરાણ ઇ. શ. ૧૦૪૫ માં થયો, ને એ પુરાણમાં ૧૫૦૦૦૦૦ લીટીયો છે. એ રચે આસરે વરસ ૯૦૦ નો સુમાર થયો છે, ને ત્યારથી મૂર્તિ પૂજા ચાલુ થઈ છે.

શીવના ૧૩ પંથ છે.

બ્રાહ્મણના ૧૦ વર્ગો ને ૧૮૮૬ ગોત્રો છે ક્ષત્રીનાં ૫૯૦ ગોત્રો છે.

તેત્રીસ કરોડી દેવ તેમા ૧૧ દેવ લોકમા. ૧૧ પૃથ્વીમા, ને ૧૧ અંતરિક્ષ વસે છે.

બ્રાહ્મણો પરમેશ્વર એક છે. એવુ માનતાં ને બીજા ને તે વાત જાણવા દીધો નહિ તેથી ઘણા દેવ મનાવ્યા છે.

ક્ષોણીનો હિસાબ ૨૧૮૭૦ રથમાં બેસી લડનાર, ૨૧૮૭૦ હાથી ઉપર બેસી લડનાર, ૬૫૬૧૦ ઘોડે સ્વાર, ૧૦૯૩૫૦ પાયદળ એટલા દળ ને ૧ ક્ષોણી કહે છે. ૨૧૮૭૦૦ ની એક ક્ષોણી. મહા ભારતમાં ૩૯૩૬૬૦૦ માણુસ મરાયા. આછા ક્ષોણીનાં હીસાબે.

હિંદુસ્તાનમા પટાટા, તમાકુ, ને મકાઇ ઇ. શ. ૧૬૨૦ માં પહેલવેલા દાખલ થયાં છે.

નાદેઅલીમાં ચાળીસ ખાસીયતો છે તે નીચે મુજબ છે

૧ એવી જગ્યોએ ગીરફતાર હોય કે છુટકારાથી આજીઝ હોય તો માટી ઉપર સાત વખત નાદેઅલી પડીને તે લેકો તરફ દે કે કે જેઓએ બીચારાને ગીરફતાર કરેલ છે તો ઇ૦ * તેઓની કોઇ જાતની ઇજા નહીં પહોચે.

૨ કોઇ દુશ્મનોથી ડરતો હોય તો હમેશા સતાવીસ વખત નાદેઅલી પડયા કરે તો તેના દુશ્મન દફે થવાના.

૩ કોઇ ઉપર કોઇએ જાદુ કરેલ હોય તો તે જાદુ દફે થવા માટે સાત કુવાનું પાણી લાવી તે પાણી ઉપર સાત વખત નાદેઅલી પડીને તે પાણીથી તેને ગુસલ કરાવે અને થોડુ પીવરાવે તો ઇ૦ જાદુ દફે થવ્ને .

૪ કોઇને ઝેર ખવરાવ્યું હોય તો કેસર અને કસ્તુરીથી ચીનીની રકાબી ઉપર નાદેઅલીને લખે અને એકવીસ વખત નાદેઅલી પડી એ લખેલું ધોઇને પીવરાવે તો ઇ૦ ઝેરનો અસર નહી થ ય.

૫ કોઇ બીમાર હોય અને હકીમો ઇલાજ કરીને થાકી ગયા હોય તો નાદેઅલી પાણી ઉપર અઢાર વખત પડીને પીવરાવે તો ઇ૦ શફા પામે. હવે કેટલા દીવસ પડવુ તેની હદ લખી નથી તો પણ બીમારી દુર થાય ત્યાં સુધી પડવામા હરકત નથી.

* ઈ૦=ઈનસાઅલ્લા

૬ કોઇ મુશકેલી અથવા ગમ હોય તો નાદેઅલી હજાર વખત પડે તો ઇ૦ ગમ દુર થવાનો અને ખુશી થવાનો.

૭ કોઇ શખશ કોઇ ઉપર ગુસ્સે થયો હોય તો તેનો ગુસ્સો ઉતરવા માટે જેના ઉપર ગુસ્સે છે તે એકોતર વખત નાદેઅલી પડીને તેની પાસે જાય અને પોતાના અંગ પર ત્રણ વખત પડે તો ઇ૦ તેનો ગુસ્સો દુર થઇ ઉલટો ખુથી થવાનો.

૮ કોઇને સુળીએ ચઢાવે તો નાદેઅલી ત્રણ વખત તેના કાનમા પડે તો ઇ૦ તેની શફાઅત કબુલ થવાની એટલે કોઇ છોડાવવા આવે તો તે છોડાવનારનુ કહેવુ અસર કરશે.

૯ જુમ્માને દીવસે પહેલી કલાકમાં એટલે સવારમાં નાદેઅલી બાર વખત પડીને બહાર જાય તો જે મળે તે તેનો દોસ્ત થાય.

૧૦ કોઇ ઉપર કાઇ તોહમત (તરકટ) થયું હોય તોતે હમેશાં નાદેઅલી ચાળીસ વખત પડીને પોતાપર ફુકે તો ઇ૦ તેના પરની તોહમત નીકળી જવાની.

૧૧ કોઇને ઉઘ ન આવતી હોય તો જુમ્માની નમાઝની પહેલાં નાદેઅલી પચીસ વખત પડે તો ઇ૦ ઉંગ આવે.

૧૨ ગની (માટી હાલત) થવા માટે હમેશાં સવારના અને સાંજના બાર બાર વખત નાદેઅલી પડયા કરે તો ઇ૦ ગની થાય.

૧૩ ઇજ્જત અને હશમત વધારે થવા માટે હમેશાં એકત્રીસ વખત નાદેઅલી પડે, ઇ૦ મતલબ પુરો થશે.

૧૪ દુશ્મનોને તાબે કરવા માટે હમેશા સત્તર વખત નાદેઅલી પડે ઇ૦ ફતેહ પામશે.

૧૫ કોઈ જરૂરી કારણુસર છુપી જવા માટે અઢાર વખત નાદે-અલી પડે તો ઇ૦ તેના દુશ્મનોની નજરે નહીં દેખાય.

૧૬ દુશ્મનોની ઝબાન બાંધવા માટે હમેશાં દસ દીવસ સુધી નાદેઅલીને દસ દસ વખત પડયા કરે, ઇ૦ દુશ્મનો તેને માટે ખરાબ નહીં બોલે.

૧૭ મુરાદ પુરી થવા માટે હમેશા છતરીસ વખત નાદેઅલી પડે ઇ૦ તેની મુરાદ પુરી થવાની.

૧૮ બીમારી દુર થવા માટે હમેશા નાદેઅલી સતાવીસ વખત પડે ઇ૦ બીમારી દુર થવાની.

૧૯ બંદ ફીકર માટે અને દુશમનોની ઝબાન બંધ કરવા માટે ત્રણ દીવસ સુધી હમેશા વીસ વખત નાદેઅલી પડે તો ઇ૦ મતલબ પુરો થશે.

૨૦ કોઇ ખાણુની તપાસ માટે કે જેમાં માલ હોય તે જોવા માટે ચાળીસ દીવસ સુધી હમેશા ચાળીસ વખત નાદેઅલી પડે તો અલબત તેની ખબર પડે. અને અગર રાતના સુતી વખતે પડે તો સ્વપ્નામાં તે ખાણુની જગ્યો જોવામાં આવે

હવે એ ખાણથી મતલબ પોતાની હકની હોય કે ખુદાની કુદરતી ખાણુ તેનો ચોખો ખુલાસો લખેલ નથી.

૨૧ * હ૦ રસુલે ખુદા ઈ સ૦ ને સ્વપ્નામાં જોવા માટે હમેશાં સાત વખત પડે તો ઇ૦ હઝરતને ખ્વાબમેં જોશે.

૨૨ કએદીને છુટકારા સારૂ સાત દીવસ સુધી હમેશાં સોળ વખત નાદેઅલી પડે, તો ઇ૦ છુટકારો પામશે.

૨૩ ફતેહમંદી માટે હમેશા પચાસ વખત પડયા કરે તો ગેબના ભેદ તેના ઉપર ખુલ્લા થાય.

૨૪ મુશકીલ આસાન થવા માટે હમેશાં પંદર વખત પડયા કરે મુશ્કીલ આસાન થવાની.

૨૫ ગએબના ભેદની વાતો જાહેર થવા માટે ચાળીસ દીવસ સુધી હમેશા સોળ વખત પડે ઇ૦ સારો ઇલમ હાસીલ થશે.

૨૬ દુશમનોને દફે કરવા માટે આઠ દીવસ સુધી હમેશાં સત્તર વખત પડે તો ઇ૦ દુશ્મન દફે થાય.

૨૭ દુશમનોની બદીથી બચવા માટે વીસ દીવસ સુધી હમેશાં અઢાર વખત પડીને તેઓની સામે ફુંકે તો ઇ૦ તેઓના જુલમથી બચે.

૨૮ ઇલમ હાસીલ કરવા માટે વીસ દીવસ સુધી ઝાહર અસરની નમાઝના વખતે હમેશાં ૭૦ વખત પડે તો ઇ૦ હીકમતના દરવાજા ખુલ્લા થશે.

---

* હ૦=હજરત ઈ સ૦=સલ્લલ્લાહો અલ્યેહે વસલ્લમ.

૨૯ દવલત માટે હમેશાં સોળ વખત પડ્યા કરે ઇ૦ દવલત પામે.

૩૦ કોઇ ગામ ફતેહ કરવા ગયા હોય તે ફતેહ થવા માટે પાંચ દીવસ સુધી હમેશાં ચાળીસ વખત પડે ઇ૦ ફતેહ પામે, એ- થી મતલબ એવો હશે કે કોઇ બાદશાહની સાથે ફતેહ કરવા જવું પડે અને તે ફતેહ કરવામા ગુનાહ ન હોય તો તે વખતે એ ફતેહ કરવા મજકુર અમલ કરે.

૩૧ બાદશાહો પ.સે ભરોંસાવાળો ગણાવાને દરજ્જે વધવા માટે ૭ દાવસ સુધી હમેશા સો વખત પડે તો ઇ૦ બંને મતલબ પુરા થાય.

૩૨ બુઝુરગી વધવા અને મતલબ પુરો થવા માટે સોળ દીવસ સુધી હમેશા પચાસ વખત પડે તો ઇ૦ બંને બાબત નસીબ થાય.

૩૩ ઇજ્જત અને શવકત માટે હમેશા વીસ વખત પડે ઇ૦ બંને બાબત મળે.

૩૪ દુશમનને ભગાડવા માટે ત્રીસ દીવસ સુધી હમેશા ત્રીસ વખત પડે તો ઇ૦ તેનો દુશ્મન ત્યાંથી ચાલ્યો જવાનો.

૩૫ જમાઅતની અંદરની દુશમની અને જુદાઇ દુર થવા માટે વીસ દીવસ સુધી હમેશાં ત્રીસ વખત પડે ઇ૦ આપસમાંથી દુશ- મની દુર થવાની.

૩૬ દુશમન દફે થવા માટે હમેશા પડયા કરે.

૩૭ શુજાઅત માટે હમેશા પચ્ચીસ વખત પડે અલબત શુજાઅતવાળો થાય. શુજાઅતથી મતલબ એ કે જવાંમરદી હીમ્મતવાળો.

૩૮ દુશમનના દીલ નરમ કરવા માટે છ દીવસ સુધી હમેશા સો વખત પડે તો ઇ૦ તેની દુશમનીથી નજાત પામે.

૩૯ હાજત પુરી થવા માટે એક હજાર અને એક વખત તહારતની સાથે પડે ઇ૦ તેની હાજત જલદી પુરી થવાની. (તહારત=પાકી).

૪૦ કોઇ* શરઇ મતલબ માટે ખાનામાં અથવા એકાંતની જગ્યોમા બાર વખત "યાઅલી" કહે ઇ૦ તેનો મતલબ પુરો થવાનો.

યાઅલી.

*શરઇ=શરાના (ખુદાએ જે કહેલું એવાજ કામાના માટે)

નાદેઅંલી

નાદેઅંલી અ્યન મઝૅ હરલૅ
અંજાએબ; તજીદેહો
અંવૈનલ્લક ફિન્ન વાએ બ
કુલ્લો હમ્મિમનૈ વ
અંમ્મિમનૈ સયન્જલી બે
વીલાયતેક, યા અંલી
યા અંલી યા અંલી.

અલ્હંમ્દોની સુરત તથા તેનો અમલ.

બિસ્મિલ્લાહિર રહૅમાનિરૅ રહીમ.
અલહંમદો લિલ્લાહે રબ્બિલ આંલ
મીન.

અર્રહમાનિર્રહીમ* માલેકે યવ્મિદ્દીન*

ઈય્યાક નઅ્બોદો વઈય્યાક નસ્તઈન*

એહદેનસ્સેરાતલ મુસ્તકીમ* સેરાતલ્લ

ઝીન અન્અમ્ત અલયહિમ ગયરિલ

મગ્ઝૂબે અલયહિમ વલઝ્ઝાલ્લીન*

એ સુરો પડવાનો બેહદ સવાબ છે, લંબાણ હોવાથી લખતા નથી, અહીંયા ફક્ત તેનો અમલ લખવામાં આવે છ, એ સુરાનો અમલ નીચેની બાબતો માટે ફાયદાકારક છે, દુશમનની ઈજાથી બચવા, સખ્તી દુર થવા, આફતોથી બચવા, રોજીમાં બરકત થવા તંગી દુર થવા, માલ દોલત મળવા માટે એનો અમલ કરવો, અને એ અમલ ખાસ અહલેબૈત અ૦ ના દોસ્તો માટે. અહલેબૈત અ૦ થી મનકુલ છે.

એ અમલની રીત એ છે કે તેમાં જેટલા હરફ આવેલ છે તેના અદદની ગણત્રી પ્રમાણે હમેશા પડે, અને મહીનાની શરૂઆતથી અમલ શુરૂ કરે, એટલે બીજ થવા પછી પહેલે જુમ્માની રાતનાં શુરૂ કરે, કપડાં પાક રાખે! ખુશબો લગાવે, હલાલ રોજી ખાય,

સાચું બોલે પાંચ વખતની હમેશાં નમાઝ પડતો રહે.

અમલ શુરૂ કરવાની પહેલે સલવાત પડે, અને જે વખતે "ઇય્યાક નઅઁબોદો" થી "મુસ્તકીમ" સુધી પહોંચે તે વખતે ખુદાએ તઆલા પાસે પોતાના મતલબની દોઆ માંગે, અને એ અમલ ૨૧ દીવસ સુધી કરે હમેશા કેટલી વખત પડવો તે તેના હ-રફોના અદદ મુજબ છે, પણ કેટલાંક સાહેબોને તેના અદદ ફાઇલ આવડતા નથી તેથી તેઓ બીજાને પુછવાના મોહતાજ ન રહે તેથી તેના અદદ કાઢીને તેની હમેશાની ગણત્રી નીચે લખું છું તે મુજબ હમેશા રાતના પડવું.

૧ પહેલે દીવસે એટલે જુમ્માની રાત્રે શુરૂ કરે તે રાતે ફક્ત એક વખેત પડે.

૨-જી રાતે	૩૦	વખત પડે.
૩-જી રાતે	૮	વખત પડે.
૪-થી રાતે	૪૦	વખત પડે.
૫-મી રાતે	૪	વખત પડે.
૬-ઠ્ઠી રાતે	૫	વખત પડે.
૭-મી રાતે	૨૦૦	વખત પડે.
૮-મી રાતે	૨	વખત પડે.
૯-મી રાતે	૭૦	વખત પડે.
૧૦-મી રાતે	૧૦	વખત પડે.
૧૧-મી રાતે	૫૦	વખત પડે.

૧૨–મી રાતે	૨૦	વખત પડે.
૧૩–મી રાતે	૬	વખત પડે.
૧૪–મી રાતે	૬૦	વખત પડે.
૧૫–મી રાતે	૪૦૦	વખત તડે.
૧૬–મી રાતે	૯૦	વખત પડે.
૧૭–મી રાતે	૯	વખત પડે.
૧૮–મી રાતે	૧૦૦	વખત પડે.
૧૯–મી રાતે	૭૦૦	વખત પડે.
૨૦–મી રાતે	૧૦૦૦	વખત પડે.
૨૧–મી રાતે	૮૦૦	વખત પડે.

એ મુજબ ૨૧ રાત સુધી પડે તો ઇ૦ ખુદા તેના મત.. પુ.. કરશે, લખનાર લખે છે કે અજમાવેલ છે.

જાહેર ખબર

'ભાભારામ સુબોધ' નામનું પુસ્તક અતી સરસ બ્રહ્મ જ્ઞાન નો ખજાનો છે, ને તેમા શ્રી બાવાજી સાહેબનો જન્મ ચરિત્ર પણ સરસ રાગ સાથે છે ને એકવાર વાચેથી પુરણ વિષયની પ્રાપ્તી થઈ જાયે છે. ને આવુ પુસ્તક કદી જોએલું નહિ હોય તે આ પુસ્તક છે.

કિમત રૂ. ૧—૪—૦ ને ટપાલ ખરચ રૂ. ૦—૨—૦

'શ્રી ઇમામશાહ બાવા તથા નાયાકાકાનો સંવાદ' એ પુસ્તક અતી સરસ રાગ રાગણી સાથે. ગરબીઓ વિગેરે છે. ને એક બ્રહ્મ

જ્ઞાનનો ખજાનો છે. ને તે શ્રી બાવાજી સાહેબ, ને નાયાકાકા એ બન્ને નો પ્રશ્નોત્તર રૂપમાં છે. ને તેમાં વળી શ્રી બાવાજી સાહેબ નો જન્મનો ટુંક વતાંત વિગેરે પુરણ બિનાઓછે.

કીમત રૂ. ૦—૫—૦ ટપાલ ખરચ ૦—૦—૬

' શ્રી ઇમામશાહ બાવાના પરછા ' કીમત રૂ. ૦—૨—૦

ટપાલ ખરચ રૂ. ૦—૦—૬

આ તમામ પુસ્તકો વી. પી. થી. મંગાવનારે જાણી લેવું કે વી. પી. ખરચ ૦)‑ વધારે જાણવુ રૂ. ૧) થી ૫) સુધીનો. સ્વંવાદની ચોપડી વી. પી. મંગાવનારે ૪ મ ગાવવી એથી ઓછી નહિ મોક‑લવામાં આવે તેથી વધારે મરજીમાં આવે તેટલી મંગાવો. રચાની ચોપડીઓ મંગાવનારે ૧૨ મંગાવવી તેથી ઓછી નહીં તેથી વધારે મરજીમાં આવે તેટલી મંગાવો. ભાભારામ સુબો‑ધની જેટલી મરજીમા આવે તેટલી મંગાવવી. ટપાલ ખરચ તથાં કીમતની સાથે એ.છામાં ઓછું રૂ. ૧—૮—૦ થી ઓછુ વી. પી. કરવામા આવશે નહિ.

મળવાનું ઠેકાણું

સૈયદ બાવાસાહેબ અહેમદઅલી.

મુ૦ પીરાણા

પો૦ ગીરમથા

જી૦ અહેમદાબાદ

દેસ૦ ગુજરાત

(૬૮)

આભાર.

આ કામમાં હમારા વડિલ હજરતપીર ઇમામશાહ સુત નરઅલી મહમદશાહની ગાદીનાં મુજાવર કાકા લક્ષમણે અતિજ મદદ કરેલી છે, તેથી તેમનો આભાર માનવા જોગ છે. ને જો એવીજ રીતે ધર્મનાં કામમાં મદદ મળતા રહેશે તો ધમનુ ઉત્તેજન થતું રહેશે. તેથી હે ! મારા સ્વધર્મિ સંતજનો તથા સદ્‌ગ્રહસ્થો આવા ઉત્તમ કામમાં જરૂર મદદ કરવાની જરૂર છે તેથી આવા પુસ્તકો સામટા ખરીદો, ગરીબોને તથા સગા વહાલાને ભેટ કરી મોકલો; જેથી બન્ને લોકોનો લાભ છે: ધર્મ ને ઉત્તેજન મળે, ધર્મના પુસ્તકોનો ફેલાવો થાએ, જેથી ધર્મની ખીલવણી થતી જાયે. આવા કામમાં મદદ કરનારને સાહેબ લીલા લેર કરી દેશે ને હું પણ તેનો આભારીછું જન્મનો. હે પ્રેમીજનો હવે ઢીલ નાં કરતાં સત્વર તૈયાર થાઓ. ને પુન્ય કામમાં સામિલ થાઓ.

લી૦

તમારો સદાનો સુભ ઇચ્છક

સૈયદ બાવાસાહેબ અહેમદઅલીના.

આશિર્વાદ

જાહેર

હજરતપીર અશરફશાહનો વર્ણન.

આ પુસ્તકમાં હજરત પીર અશરફશાહ દિલ્હી ગયા ત્યાં ઔરંગઝેબ બાદશાહની સાથે વાદવિવાદ અતીપુર જો થએલો તે તથા બાદશાહે હજરતપીર અશરફશાહ ને તેડાવેલા તે, તથા પીરાણાનાં ગામ તળીઆની જમીન બાદશાહ લખી આપેલી તેની બીના તથા નકલ, તથા તેમનો જીવનચરિત્ર; વિગેરે વિગેરે ગદ્ય પદ્યથી વાણીરૂપથી લખવા માંડી છે. ને તેની કીમત અગાઉથી થએલા ગ્રાહકો પાસેથી રૂ. પાછળથી લેનારને રૂ. ૧ાા પડશે.

આ પુસ્તક એવી રીતેથી ને પુર બળ એવું લખાય છે કે વાંચનારનું એક વખત હાથમાં લીધા પછી મૂકવા મન થશે નહિ.

પુરણ માહેતી જો મેળવવી હોયતો આ પુસ્તક ખરીદી માહેતીનો આનંદ હાથમાં લઈ પુરણ મેળ મેળવવો. ને જેને પ્રથમ ગ્રાહક થવું હોય તેને નીચેને સરનામે પત્ર વેહેવાર ચલાવવો.

હજરત પીર ઈમામશાહની ઓલાદના

સૈયદ બાવાસાહેબ અહેમદઅલી

મુ૦ પીરાણા. જી૦ અહેમદાબાદ.
પો૦ ગીરમથા. દે૦ ગુજરાત.

realpatidar.com